# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આ.કૃ.યુ., દેવગઢ બારીયા ખાતે I.C.A.R. ની ઈન્ટીગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ યોજના અંતર્ગત તેલીબિયાં પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને નવીન ટેકનોલોજીના અમલીકરણ વિષય ઉપર એક દિવસીય તાલીમનું આયોજન કરી કીટ વિતરણ કરવામાં આવ્યું

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી **I.C.A.R.** ની ઈન્ટીગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ યોજના અંતર્ગત ચાલતી ઓન ફાર્મ રિસર્ચ યોજના અને આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ તેલીબિયાં પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને નવીન ટેકનોલોજીના અમલીકરણ વિષય ઉપર એક દિવસીય તાલીમનું આયોજન કરી કીટ વિતરણ કરવામાં આવ્યું. આ તાલીમ કાર્યક્રમમાં **ડૉ. વાય. બી. ચૌહાણ**, યુનિટવડાશ્રી એ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાઓને લગતી માહિતીથી ખેડૂતોને વાકેફ કર્યા, તેઓશ્રી એ તેલીબિયાં પાકોમાં રોગજીવાત નિયંત્રણ વિશે પણ માહિતી આપી, **ડૉ. સી. જે. પટેલ**, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા તેલીબિયાં પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી વિશે માહિતી આપી, **શ્રી એસ. વી. રાઠોડ** દ્વારા તેલીબિયાં પાકોમાં ખાતર વ્યવસ્થાપન પર માહિતી આપી. **ડૉ. એચ. એન. ચૌધરી**, ખેતી અધિકારી એ તેલીબિયાં પાકોમાં નવીન ટેકનોલોજી અને પ્રાકૃતિક ખેતી પધ્ધતી વિષય ઉપર માહિતગાર કરેલ. કાર્યક્મના અંતે **ડૉ. એચ. એન. ચૌધરી** અને **શ્રી એમ. એમ. મીર** દ્વારા કેન્દ્ર ખાતેના પ્રાકૃતિક યુનિટ અને ફાર્મની મુલાકાત કરાવી ખેડૂત મિત્રોની હાજરીમાં ૨૦૦ લિટર નીમાંસ્ત્ર બનાવી પ્રાકૃતિક ખેતી કરવા આહવાન કર્યુ અને અંતમાં કીટ વિતરણ કરી છૂટા પડેલ. આ એક દિવસીય તાલીમ કાર્યક્રમમાં આંબલી અને વડવા ગામના કુલ ૪૦ ખેડૂત ભાઈઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ એક દિવસીય તાલીમનું સંપૂર્ણ સંકલન **શ્રી ડી. જે. ગોહિલ** ખેતી મદદનીશ દ્વારા કરવામાં આવેલ હતું.







